# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-10-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં વરસાદ-હવામાન

અરબ સાગરમાં સર્જાયેલા ડીપ્રેશનના કારણે રાજ્યના અનેક જિલ્લામાં વરસાદ પડી રહ્યો છે અને આજે કચ્છના વાતાવરણમાં પણ પલટો આવ્યો છે. જિલ્લા મથક ભુજમાં બપોરના સમયે જોરદાર ઝાપટું આવતા માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા. જ્યારે પૂર્વ કચ્છના રાપર અને આજુબાજુના ગામોમાં પણ વરસાદ પડ્યો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. હવામાન વિભાગે ચાર દિવસ કચ્છમાં અનેક સ્થળે હળવા વરસાદની આગાહી કરી છે જ્યારે આજે જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરાઇ છે. સાવચેતીના ભાગરૂપે કંડલા બંદર પર 3 નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે અને માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. કમોસમી વરસાદના કારણે પાકને થતી નુકસાની બચાવવા માટે તકેદારીના પગલાં ભરવા તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં આજે પડેલા વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. કમોસમી વરસાદના કારણે જિલ્લાના ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે.

-------------------------------------------------------------------------------------------

## ભુજ એસ.ટી.દ્વારા દિવાળી પર વધારાનું સંચાલન :

ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ, ભુજ વિભાગ દ્વારા દિવાળી પર્વ નિમિતે મુસાફરોના આવા ગમન માટે 15થી 26 ઓક્ટોબર દરમિયાન નિયમિત તેમજ વધારાની બસોનું સંચાલન કરાયું હતું. ભુજ વિભાગ દ્વારા પોતાના તાબા હેઠળના ડેપોથી જુદા જુદા શહેરો દાહોદ, સંજેલી, લુણાવાડા, મોડાસા, રાજકોટ તેમજ જુનાગઢને જોડતી વધારાની બસો દોડાવવામાં આવી હતી. ૧૦ દિવસ દરમિયાન ભુજ વિભાગ દ્વારા ૧૧૪ વધારાની ટ્રીપ્સ સાથે ૪૯ હજાર ૮૦૫

કિલોમીટરનું સંચાલન કરવામાં આવ્યું. જેમાં વિભાગને 17 લાખ 69 હજાર 896 રૂપિયાની આવક થઇ હતી. વધારાના સંચાલનનો 6 હજાર 538 જેટલા નિયત ઉપરાંત વધારાના પ્રવાસીઓએ લાભ લીધો હતો.

---------------------------------------------------------------------------------------------

## ભુજ-મુંબઈ વિમાની સેવા :

કચ્છમાં વિમાની સેવાનો વ્યાપ વધારવા ચાલી રહેલા પ્રયાસો વચ્ચે એર ઈન્ડિયાએ ભુજથી મુંબઈને જોડતી વધુ એક વિમાની સેવા શરૂ કરી છે. આ વિમાની સેવાના પ્રથમ દિને જ મુંબઈથી 162 પ્રવાસી ભુજ આવ્યા હતા અને 156 પ્રવાસી ભુજથી મુંબઈ ગયા હતા. એર ઈન્ડિયાની આ વિમાની સેવા બપોરે 1 વાગીને 50 મિનિટે મુંબઈથી ઉડાન ભર્યા બાદ 3 વાગીને 20 મિનિટે ભુજ પહોંચે છે અને બપોરે 4 વાગ્યે પરત ભુજથી ઉડાન ભરી 5 વાગીને 25 મિનિટે મુંબઈ પહોંચે છે.

---------------------------------------------------------------------------------------------

## કારા ઘોઘામાં વિકાસ કામો :

મુન્દ્રા તાલુકાના કારાઘોઘા ખાતે લાખાપર બેઠક અંતર્ગત 5 કરોડ 93 લાખ 50 હજારના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ ધારાસભ્ય અનિરૂધ્ધભાઇ દવેના હસ્તે કરાયા હતા. લાખાપર એપ્રોચ રોડ રિસર્ફેસિંગ, ટપ્પર- વડઝર રોડ અને વાંકી- કારાઘોઘા રોડ પર સ્લેબ ડ્રેઇન, ભુજપુર -કારાઘોઘા રોડ પર વેન્ટેન્ડ કોઝવે તથા વિવિધ ગ્રાન્ટો હેઠળનાં કામોનું ભૂમિપૂજન તથા હિરૂમા પાર્ક ઉદ્યાન, રોડલાઈટ, વથાણ, હાઇસ્કૂલ મેઈન ગેટ સહિતનાં ઉદ્ઘાટન તથા ગ્રામ પંચાયત ઓફિસ, નવા બોર વાસ્મોનાં પાણીના સમ્પ, ટાંકાનાં ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

---------------------------------------------------------------------------------------------

## ભુજમાં નુતન વર્ષ સ્નેહમિલન:

આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન હેઠળ સમગ્ર કચ્છ જિલ્લામાં યોજાનારા નૂતન વર્ષ સ્નેહમિલનના કાર્યક્રમો અંતર્ગત ભુજ શહેરના વોર્ડ નં 1થી 6ના યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં બહોળી સંખ્યામાંમ આગેવાનો, કાર્યકરો, સામાજિક આગેવાનો, વિવિધ સંઘ, સંસ્થાઓ, ગરબી મંડળના આયોજકો વિગેરે ઉપસ્થિત રહી એકબીજાને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના મંત્રી ત્રિકમભાઇ છાંગા, કચ્છના સાંસદ અને પ્રદેશ મહામંત્રી વિનોદભાઈ ચાવડા તેમજ ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે ઉપસ્થિત સૌને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

---------------------------------------------------------------------------------------------------

## જલારામ જયંતિની ઉજવણી:

આગામી 29 ઓક્ટોબરના સંત શીરોમણિ જલારામબાપાની 226મી જન્મજયંતીની ઉજવણી ભુજ લોહાણા મહાજન દ્વારા દર વર્ષની જેમ કરવામાં આવશે. આવતીકાલે ભુજ તથા આજુબાજુના વિસ્તારના દરિદ્રનારાયણોને મિષ્ટાન્ન - ફરસાણ વિતરણ કરવામાં આવશે તથા ભુજ લોહાણા યુવા મંડળ દ્વારા 226 રોપાનું વૃક્ષારોપણ કરવામાં આવશે. જલારામબાપાનાં જીવન ચરિત્ર તેમજ પરચા ઉપર ગઢશીશાના બાળ કલાકારો દ્વારા નાટય રૂપાંતર કરવામાં આવશે, જે રાત્રે આઠ કલાકે ભુજના રસિક કતિરા પાર્ટી પ્લોટમાં રજૂ થશે.

---------------------------------------------------------------------------------------------------

## જથ્થાબંધ બજારમાં મુહ્રતના સોદા :

લાભપાંચમના દિવસે કચ્છની વિવિધ જથ્થાબંધ બજારોમાં શુભ ચોઘડિયે કાંટાપૂજન કરાયું હતું અને વિવિધ પાકના સોદા કરાયા હતા. ભુજની નવી જથ્થાબંધ બજાર ખાતે પ્રથમ દિવસે સાડા ત્રણ કરોડના સોદા કરાયા હતા. જ્યારે અંજાર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં કપાસ એરંડા સહિતના 80 લાખના સોદા થયા હતા. તો અબડાસાના કનકપર એપીએમસીમાં

કાંટાપૂજન સાથે મુહૂર્ત સોદા કરાયા હતા. જેમાં મગ, મગફળી અને એરંડાના ભાવ બોલાયો હતો.

---

## સુપરવાઈઝર-વાયરમેનની પરીક્ષા:

રાજ્યના લાયસન્સિંગ બૉર્ડ દ્વારા આ 29 તારીખથી પહેલી નવેમ્બર સુધી વિવિધ કેન્દ્ર ખાતે સુપરવાઈઝર અને વાયરમૅનની પરીક્ષા લેવાશે. આ પરીક્ષામાં પ્રવેશ પાત્ર ઉમેદવારોના નામ, રૉલ નંબર અને પરીક્ષાનું વિગતવાર સમયપત્રક ખાતાની વૅબસાઈટ CEICED.GUJARAT.GOV.IN પર મૂકવામાં આવ્યું છે તેમ લાયસન્સિંગ બૉર્ડના સચિવની અખબારી યાદીમાં જણાવાયું છે.

---